મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં પેન્શનરોને બેંકમાં જવા પરવાનગી આપવા માંગ

ગાંધીનગર, તા.૩

શહેરમાં લોક ડાઉનનું જડબેસલાક પાલન થઈ રહ્યું છે. અમુક સેકટરના પ્રવેશદ્વાર અને સોસાયટીઓમાં રહીશો સ્વયંભૂ લોક ડાઉનને લઈને સજાગ બની તેનું પાલન કરી અને કરાવી રહ્યા છે. હાલ લોક ડાઉનના કેસ શહેરમાં વધતા ગાંધીનગર રેડ ઝોનમાં આવી ગયું છે. આ ઉપરાંત કોરોનાના કેસ ધરાવતા સેકટરને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો છે. અહીંથી કામ વગર ઘરની બહાર કે અંદર પણ કોઈ હરી-ફરી શકતું નથી. શહેરમાં પોલીસ સ્ટેશન, જરૂરી સરકારી ઓફિસો, દવાખાના અને બેંક સિવાય બધું જ જડબેસલાક બંધ છે. કરિયાણા અને શાકભાજીને ખરીદવાના સમય પણ નિશ્ચિત કરી દેવામાં આવ્યા છે ત્યારે મહિનાની ૧થી ૧૦ તારીખ સુધી પગાર તારીખ હોવાથી શહેરીજનો પગાર ઉપાડવા માટે બેન્કમાં જરૂરથી જાય છે. પગારદારો સાથે પેન્શનરો પણ આ દિવસની રાહ જોઈ રહ્યા હોય છે. દરેક સેક્ટરની બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઘરની બહાર નીકળતા જ તેમને જવાબ આપવો પડે છે શું કામથી બહાર જવું છે તમે બહાર નીકળતા હોવ અને જરૂરી કામ ના હોય તો પોલીસ તેમને સેફટીના ઉદ્દેશ્યથી બહાર જતા રોકે છે ત્યારે હાલ પેન્શનરો નું કહેવું છે કે, તેમને આ લોક ડાઉનને કારણે પેન્શન ઉપાડવા બેંકમાં જવામાં મુશ્કેલી પડી રહી છે.

ગાંધીનગર શહેર ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અને શહેરમાં વિવિધ સરકારી કચેરીઓમાં સેવા બજાવી નિવૃત્ત થયેલા ગ્રામ્ય વિસ્તારોમાં થાયી થયેલા પેન્શનરોનું પેન્શન ગાંધીનગર બેન્કમાં જમા થાય છે હાલ લોકડાઉનના કારણે ગાંધીનગર શહેરના તમામ રસ્તાઓ બંધ કરેલા હોવાથી પોતાના ગ્રામવિસ્તારમાંથી બેંકમાંથી પેન્શન ઉપાડવા પોલીસ બંદોબસ્તને કારણે તેઓ જઈ શકતા નથી. જેને કારણે સંપૂર્ણ પેન્શન પર જ નભતા પેન્શનરોને પોતાનુ જીવન નિર્વાહ ચલાવવામાં તકલીફ પડી રહી છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા દ્વારા દરેક પેન્શનરો વતી તંત્રને વિનંતી કરવામાં આવે છે કે, દરેક પેન્શનરો સરકાર દ્વારા જાહેર કરાયેલ તમામ ગાઈડ લાઇનનું ધ્યાન રાખીને જ વર્તશે પણ પેન્શનરોને પોતાનું પેન્શન ઉપાડવા માટે બેન્ક પાસબુક તથા પેન્શનકાર્ડ માન્ય રાખી બેન્કમાં જવા માટે મંજૂરી આપવામાં આવે.

ઉનાળાનુ ફળ ગણાતા ફાલસાનું આગમન થઈ ચુકયું છે. જો કે લૉકડાઉનના સમયમાં તેનું વેચાણ થતું નથી. ફાલસા ભરેલી લારી લઈ ગ્રાહકોની રાહ જોતો આ નાનો વેપારી ગરમીમાં પરેશાન થઈ રહ્યો છે.

વાવોલમાં સેનિટાઈઝેશન : વાવોલમાં કોરોના વાયરસના પગ પેસારાની સાથે જ તંત્ર હરકતમાં આવી ગયું છે. વાવોલની સોસાયટી સિદ્ધાર્થ બંગ્લોઝમાં જ્યાં કોરોનાનો એક પોઝિટિવ કેસ મળ્યો છે તે સહિત આસપાસની સોસાયટીઓમાં પણ આજે ફાયરબ્રિગેડની ટીમ દ્વારા સેનિટાઈઝેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

વાવોલની સોસાયટીઓમાં હેલ્થ સ્ક્રિનિંગનો પ્રારંભ

કાળમુખો કોરોના હવે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રસરવા લાગ્યો છે. ગાંધીનગરના વાવોલ ખાતે કોરોનાની એન્ટ્રી થયા બાદ રહીશો સાવધ થઈ જવા પામ્યા છે. જે અંતર્ગત આજે વાવોલની ગ્રીનસીટી સોસાયટીમાં રહીશોનું હેલ્થ સ્ક્રિનિંગ યોજવામાં આવ્યું હતું.

સતત વધતા કોરોના સંક્રમણની ઝપેટમાં હવે જિલ્લાના ગામો પણ બાકાત નથી રહ્યા. તાજેતરમાં વાવોલ ગામ ખાતે એક દર્દીનો રીપોર્ટ આવ્યા બાદ પંચાયત દ્વારા સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. આજરોજ વાવોલ

ગામ પંચાયતના સદસ્યો અજીતસિંહ ગોલ તથા રૂપાંગભાઈ ગજજર ગામસેવક જયેશભાઈ રાવલ તથા હેલ્થ વર્કર બહેનોના સહયોગથી ગ્રીનસીટી સોસાયટી ખાતે રહેતા તમામ રહીશોનું થર્મો સ્કેનર દ્વારા સ્ક્રિનિંગ કરવામાં આવ્યું તેમજ વડીલો અને નાનીવયના બાળકોનું વિશેષ કરીને ધ્યાન રાખવા અને બિનજરુરી બહાર નહીં નીકળવા અપીલ કરવામાં આવી હતી. રહીશોના હેલ્થ સ્ક્રિનિંગ કાર્યક્રમ માટે સોસાયટીના પ્રમુખ તથા હોદ્દેદારોએ સહયોગ આપ્યો હતો. આ સાથે હેલ્થ સ્ક્રિનિંગનો આ કાર્યક્રમ અન્ય સોસાયટીઓમાં પણ યોજાય તેવી સોસાયટી વિસ્તારના રહીશોમાં લાગણી પ્રવર્તવા પામી છે.

સિવિલ ડિફેન્સની ટીમ વિવિધ સેવા પ્રવૃત્તિઓમાં કાર્યરત

ગાંધીનગર, તા.૩

નોવેલ કોરોના કોવિડ-૧૯ વાઈરસ મહામારીમાં ગાંધીનગર જિલ્લામાં લૉકડાઉનના અસરકારક સિવિલ ડિફેન્સની ટીમ દ્વારા પોલીસ તંત્ર સાથે ખભેખભા મિલાવીને ખડે પગે સેવાઓ આપવામાં આવી રહી છે. આ સાથે સિવિલ ડિફેન્સની ટીમ વિવિધ સંસ્થાઓ સાથે મળીને જરૂરિયાતમંદોને ભોજન સેવા તેમજ અબોલ પ્રાણીઓ માટે પાણી અને ખોરાકની વ્યવસ્થા જળવાય તે માટે પણ કાર્યરત બની છે.

ગાંધીનગર સિવિલ ડિફેન્સની ટીમ દ્વારા શહેરની વનશ્રી ટ્રસ્ટ, રાજવી ફૂડ કોર્નર અને દિવ્યમ ટેકનોલોજીના સહયોગથી વિવિધ સેવા પૂરી પાડી રહી છે જેમાં ત્રણ સૌથી વધુ જરૂરિયાત મંદોને ખીચડી, પુરી, થેપલા, છાશ ઉપરાંત બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યું છે.

આ સાથે જરૂરિયાતમંદ વર્ગને અનાજ કરીયાણાની કીટ પણ પૂરી પાડવામાં આવી રહી છે. વનશ્રી ટ્રસ્ટના સહયોગથી શહેરમાં પક્ષીઓને પાણી મળી રહે તે માટે પક્ષી પરબ અને ચણની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ગાય, કૂતરા, વાંદરા વગેરે જેવા પ્રાણીઓ માટે પણ ખોરાકની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સિવિલ ડિફેન્સની ટીમ દ્વારા શહેરમાં ઉનાળાના તાપમાં ખડે પગે ફરજ બજાવતા પોલીસકર્મીઓને એનર્જી ડ્રિંક્સ તથા હેન્ડ ગ્લોઝ અને કેપ પૂરી પાડવામાં આવી રહી છે. આ સાથે ડો.મેઘા મહાવીર નિમાવત દ્વારા પોલીસકર્મીઓ અને વિવિધ સેવાકીય સંસ્થાઓના સ્વયંસેવકોને ઈમ્યુનિટી વધે તે માટે હોમિયોપેથી દવાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સિવિલ ડિફેન્સના ચીફ વોર્ડન અંજના નિમાવત, લાયઝન ઓફિસર જયેશ પરમાર, સ્ટાફ ઓફિસર ગજેન્દ્રસિંહ બારડ, પાસ્ટ વોર્ડન મહાવીર નિમાવત, મહેશભાઈ દરજી, ટ્રેનિંગ ઈન્સ્ટ્રકટર ઉત્કર્ષ ગુપ્તા તથા સિવિલ ડિફેન્સના તમામ જવાનો કોરોના વાઈરસ અંગે જનજાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. સવિતાબેન બચુભાઈ પટેલ, ઉ.વ. ૬૭
- સ્વ. મહેશભાઈ કાન્તિભાઈ રાવલ, ઉ.વ. ૩૧
- સ્વ. ભટ્ટ કેતનકુમાર નવનીતલાલ, ઉ.વ. ૪૭
- સ્વ. ત્રિભોવનદાસ મોહનદાસ સાધુ, ઉ.વ. ૭૦

કોરોનાએ તો દેખાડયો અરીસો, આપણે તેમાં દેખાતી તસવીર બદલીએ

લંબાતા જતા લોકડાઉનથી દેશને પડનારા આર્થિક ફટકામાં સૌથી વધુ નુકસાન મધ્યમ વર્ગનું : કોરોનાની રસી શોધાય તેની રાહ જોતા બેસી રહેવાને બદલે કોરોના સાથે જીવવાની વાસ્તવિકતા સ્વીકારી તે અનુરૂપ જીવનશૈલી અપનાવવા તૈયાર થવું હિતાવહ

ગાંધીનગર, તા.૩

કોરોના કોવિડ-૧૯ વાયરસ મહામારીએ વિશ્વભરમાં ૩૪ લાખથી વધુ નાગરિકોને તેની ઝપટમાં લઈ લીધા છે. જેમાંથી લગભગ અઢી લાખ જેટલા દર્દીઓના મોત નિપજ્યા છે પરંતુ તેના કરતાં આશરે ચાર ઘણાં દર્દીઓએ આ મહામારીને મ્હાત આપવામાં સફળતા પ્રાપ્ત કરી છે. ગુજરાતમાં પણ પાંચ હજારથી વધુ કોરોના પોઝિટિવ દર્દીઓ પૈકી ૯૦૦ જેટલા દર્દીઓ સાજા થઈ ગયા છે. સરકારને નાછૂટકે લૉકડાઉન લંબાવવું પડ્યું છે પરંતુ આ લૉકડાઉન જેટલું લાંબુ ચાલશે તેટલો દેશને મોટો આર્થિક ફટકો પડવાનો છે તે નક્કી છે. આ સ્થિતિને અગાઉથી જાણી ચૂકેલા વડાપ્રધાને જેમ શરૂઆતમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા નાગરિકોને પહેલા જનતા કર્ફ્યુ દ્વારા ઘરમાં બેસાડી દીધા પછી ચતુરાઈપૂર્વક લૉકડાઉન લાગુ પાડી દીધું તે જ રીતે હવે દેશમાં લૉકડાઉનને કારણે થઈ રહેલું આર્થિક નુકશાન શક્ય હોય તેટલું ઓછું થાય તે માટે નાગરિકોને આ મહામારીમાંથી બોધપાઠ લઈને આત્મનિર્ભર બનવું પડશે તેવું સમજાવી વાસ્તવિકતાને સ્વીકારી જીવન આગળ ધપાવવાનો સંકેત આપી દીધો છે. તેમને ખબર છે કે જ્યાં સુધી આ મહામારીની રસી ના શોધાય ત્યાં સુધી હવે આ વાસ્તવિકતાને સ્વીકારી જીવનશૈલીમાં બદલાવ લાવવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. શક્ય છે કે આ બદલાવ લાંબે ગાળે આપવા માટે વધુ હિતકારક સાબિત થશે.

કોરોના મહામારીના પગલે ખોરવાયેલા જનજીવનમાં ઉચ્ચ તવંગરથી માંડીને છેવાડાના ગરીબ વર્ગ સુધી સૌ કોઈને વત્તે ઓછે અંશે સહન કરવાનું આવ્યું છે પરંતુ જો આ સ્થિતિનો

ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો એક વાત ચોક્કસ સમજાય છે કે આ કટોકટીમાં જો કોઈ વર્ગને સૌથી વધુ નુકસાન પહોંચ્યું હોય તો તે મધ્યમ વર્ગ જ છે. આપણા દેશમાં જ્યારે પણ કોઈ આપત્તિ કે કટોકટી આવે છે ત્યારે સરકાર હોય કે સામાન્ય નાગરિક તમામ દ્વારા સૌથી પહેલી ચિંતા ગરીબ વર્ગની કરવામાં આવે છે અને પ્રાચીન કાળથી આપણા દેશમાં દાન, ધર્મ અને અન્યને મદદરૂપ થવાની ભાવના અને શ્રેષ્ઠ માનવામાં આવી આવતી હોવાથી આવા સમયે અન્ય વર્ગ તુરંત જ ગરીબોની મદદે દોડી જાય છે જેમાં મધ્યમ વર્ગ જ સૌથી અગ્રેસર હોય છે. આવા સમયે દેશનો તવંગર વર્ગ કદાચ આર્થિક રીતે મદદરૂપ થતો હશે પરંતુ તે મદદ ગરીબના ઘર સુધી પહોંચાડવામાં મોટી ભૂમિકા મધ્યમ વર્ગની હોય છે અને આ એ જ મધ્યમ વર્ગ હોય છે જે આવા સમયે પોતાની હજાર વેદના છોડી ગરીબની વહારે થાય છે એટલું જ નહીં

પોતાના સમય અને શક્તિ સાથે આર્થિક યોગદાન આપવામાં પણ ખચકાતો નથી જે હકીકત છે. આ પ્રકારની કટોકટીમાં તવંગર વર્ગને આર્થિક નુકસાન જરૂર હશે પરંતુ મધ્યમ વર્ગ માટે તો એક સાંધે ત્યાં તેર તૂટે તેવી સ્થિતિમાં તોળાઈ રહેલો બેરોજગારી તેમજ આવકના પર ફટકાનો માર અસહ્ય બની રહેવાનો છે. તેમાં પણ જે મધ્યમ વર્ગ પોતાના નાના મોટા ધંધા પર નિર્ભર છે જેવા કે હેરકટીંગ સલુન, ધોબી, દરજી, વાયરમેન, મિસ્ત્રી, કડીયાકામ, રીક્ષા ચાલક, આઈસક્રીમ ઠંડા પીણા પાર્લર, બ્યુટી પાર્લર, પાન પાર્લર, છૂટક મજૂરી વગેરે જેવા અસંખ્ય મધ્યમવર્ગીય ધંધાર્થીઓ માટે આ કાળ ખૂબ કપરો સાબિત થઈ રહેવાનો છે. ગરીબ વર્ગ માટે તો કોઈપણ સરકાર વિવિધ રાહતો અને મફત અનાજ-કરિયાણા વગેરે આપતી હોવા સાથે અન્ય વર્ગોની દાન-સેવાનો સહારો રહેશે પરંતુ મધ્યમવર્ગ તો પોતાને હજાર તકલીફ હોવા છંતા કોઈ પાસે મદદ માટે હાથ લંબાવવાને બદલે ઉપરથી ગરીબને મદદરૂપ થવામાં યોગદાન આપતા ખચકાતો નથી. બીજી તરફ વાસ્તવિકતા તરફ નજર કરીએ તો તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્કના પૂર્વ ગવર્નર રઘુરામને કહ્યું છે કે કોરોના મહામારી પગલે દેશમાં દસ કરોડ કરતાં વધુ નાગરિકો બેકાર થશે. એ હકીકત છે કે આ દસ કરોડ નાગરિકોમાં સૌથી વધુ મધ્યમવર્ગીય નાગરિકોની સંખ્યા જ હશે.

એવું નથી કે કોરોના કટોકટીના પગલે માત્ર નુકસાન જ છે પરંતુ આ કટોકટીની સ્થિતિમાં પણ અનેક સમાચાર સૌને હિતકારક હોય તેવા પણ છે. તાજેતરમાં ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે વિશ્વભરમાં લોકડાઉનની સ્થિતિના કારણે ઓઈલ ગેસ અને કોલસાનો વપરાશ ઘટવાથી કાર્બન ઉત્સર્જનમાં આઠ ટકાનો અભૂતપૂર્વ ઘટાડો નોંધાયો છે વિશ્વમાં ઊર્જાની માંગ દોઢ ટકા સુધી ઘટી છે જે છ ટકા સુધી ઘટી શકે તેમ છે. વિશ્વભરમાં પ્રદૂષણ ઘટવાને કારણે ઓઝોન વાયુમાં પડેલું ગાબડું પુરાઈ રહ્યું છે અને ભારતમાં નદીઓ આપોઆપ શુદ્ધ બની રહી હોવાના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. પંજાબથી હિમાલય દર્શન થઈ રહ્યું છે અને માઉન્ટ આબુના માર્ગો પર રીંછ અને અમદાવાદના સીજી રોડ ઉપર નીલગાય નિર્ભિક પણે ફરતી જોવા મળી રહી છે. જોકે આ બધા સમાચારોની વચ્ચે સામાન્ય નાગરિક માટે ત્રીજા લોકડાઉનના પ્રારંભ સાથે હજુ એ સવાલ જેમનો તેમ ઊભો છે કે આ કોરોના કટોકટી ક્યાં સુધી ચાલશે અને તે પછી શું? કોરોના વાઈરસનું ઉદભવ સ્થાન ગણાય છે તે ચીનના એક મેડિકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટના વિજ્ઞાનીઓએ કહ્યું છે કે કોરોના વાયરસ માનવજાત સાથે લાંબા સમય સુધી રહેશે અને તે સમય જતાં સીઝનલ ફ્લુ બની જશે અને માનવ શરીરમાં કાયમી ધોરણે રહેવા લાગી જશે. અમેરિકાના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એલર્જિક એન્ડ ઈન્ફેક્શન ડિસિઝના ડાયરેક્ટર એન્થની ફૌસીએ પણ કહ્યું છે કે નવો કોરોના વાયરસ દર વર્ષે શિયાળામાં ઉથલો મારતો રહેશે. આરોગ્ય સેવાના નિષ્ણાતોએ પણ તે વાતનો સ્વીકાર કર્યો છે કે કોરોના વાયરસ સારસ વાયરસનો જ એક ભાગ છે અને તે હવે કાયમી ધોરણે રહેવાનો છે. જો આ બાબત સાચી પડે અને કોરોના વાયરસની રસી શોધાઈ નહીં તો આપણે કહીએ છીએ કે પડ્યું પાનું નિભાવી લેવું તે જ રીતે કોરોના સાથે પણ આપણે નિભાવી લેતા ઝડપથી શીખી લેવું પડશે. વિશ્વ આરોગ્ય સંગઠનના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દુનિયાભરમાં દર વર્ષે ત્રીસ લાખ બાળકો વિવિધ પ્રકારના ઈન્ફેક્શનના શિકાર થતા હોય છે જેમાંથી રસી મારફતે વીસ લાખ જેટલા બાળકોને બચાવી લેવામાં સફળતા મળતી હોય છે.

શક્ય છે કે કોરોના વાયરસનું સંક્રમણ એટલું વધી જાય કે સમય જતાં શરીર જાતે જ અન્ય ચેપી રોગોની માફક તેની સામે લડવા માટે રોગપ્રતિકારક શક્તિ કેળવી ચૂક્યું હોય એટલે કે જેમ આપણે ટીબી, એચઆઈવી, શીતળા, સ્વાઈન ફ્લૂ, બર્ડ ફ્લૂ વગેરે જેવા રોગો સાથે જીવી રહ્યા છીએ તેમ કોરોના સાથે પણ જીવી શકીએ. હવે જો કોરોના વાયરસ સાથે જ આપણે જીવન વિતાવવાનું હોય તો લોકડાઉનનો ધીમે ધીમે અંત લાવી આ મહામારી સાથે જીવવાનું શીખી લેવું પડશે. લોક ડાઉનનું કેવી રીતે અંત લાવવો તે માટે સરકાર પાસે કોઈ પ્લાન છે કે નહીં તે તો સરકાર જાણે પરંતુ આપણે લોકડાઉન પછી કેવી જીવનશૈલી અપનાવવી તે અંગે અત્યારથી જ વિચાર કરી લેવો હિતાવહ રહેશે. નવી જીવનશૈલીમાં આપણે સૌથી પહેલાં તો સ્વચ્છતાને ખૂબ જ મહત્વ આપવું પડશે તદુપરાંત જંક ફૂડ એટલે કે જેને આપણે સાદી ભાષામાં આચરકુચર ખાવાનું કહીએ છીએ તેની આદત ત્યજવી પડશે. લૉકડાઉનના કારણે વ્યસનીઓને જેમ તેમનું વ્યસન છોડવાની તક મળી છે પરંતુ તે જો ના છુટી શકે તો એટલીસ્ટ જયાં ત્યાં છુટવાની આદત તો હવે આપણે છોડવી જ પડશે. જીવનમાં સાદગી ને મહત્વ આપવું પડશે અને આડેધડ દબાણ કરી વસ્તીની ગીચતા વધતી અટકાવવી પડશે. યોગ્ય કાળજી રાખવાની ટેવ સાથે જિંદગી જીવવાની આદત ફરી કેળવવી પડશે કેમ કે કોરોના વાયરસે આપને અરીસો તો દેખાડી દીધો જ છે, હવે તેમાં દેખાતી આપણી તસવીરને આપણે જાતે જ સુધારવી પડશે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com